# આધુનિક ભારતમાં ઉચ્ચશિક્ષણ ક્ષેત્રની મુખ્ય સમસ્યાઓ

૧૯૯૮માં યુનેસ્કોમાં એક પરિષદ યોજાઈ હતી. જેમાં ૧૮૨ દેશોએ ભાગ લીધો હતો. તેના રીપોર્ટમાં જણાવેલું કે, કોઈપણ દેશની શિક્ષણની પ્રાયોરીટી ઉચ્ચશિક્ષણ હોવી જોઈએ. તેના દસ વર્ષ પછી આપણા દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી મનમોહનસિંગે ૨૦૦૭ માં જણાવ્યું હતું કે, ભારતમાં ૬૦ ટકા યુનિવર્સિટીઓ અને ૯૦ ટકા કોલેજોનું રેટિંગ સરેરાસ કરતા પણ ઓછું છે. ભૂતપૂર્વ વડાપ્રધાનના આ વિધાનથી વાચકોને ખ્યાલ આવશે કે, ભારતમાં ઉચ્ચશિક્ષણની સમસ્યાઓ શું છે ? ભારત એક વિકાસશીલ દેશ છે. ભારતે ઘણા ક્ષેત્રમાં હરણફાળ ભરી છે. આમ છતાં શિક્ષણના ક્ષેત્રે જેટલી પ્રગતિ થવી જોઈએ તેટલી ગુણવત્તા સાથે નથી કરી શક્યું તે હકીકત છે. સંખાત્મક વધારો થયો છે, પરંતુ ગુણાત્મક વધારો નથી થયો તે વાસ્તવિકતા છે. આંતરરાષ્ટ્રીય રીતે જોવા જઈએ તો ઉચ્ચશિક્ષણમાં થવા જોઇતા સંશોધનો અને અલ્ટ્રા મોડલ કેમ્પસ, વિદ્યાર્થીઓમાં શિસ્ત સાથેની અભ્યાસ પ્રત્યેની અભિરૂચી, કલાસરૂમમાં ટેકનોલોજીનો ઉપયોગ અને અભ્યાસ પછી રોજીરોટી અને સરકારની નીતિ વગેરેમાં આપણે ખૂબ જ પાછળ છીએ. ભારતમાં આજે પણ એવી અનેક યુનિવર્સિટી છે કે આઝાદીના આટલા વર્ષ પછી પણ આપણે તેને રીપેરીંગ કરવી શક્યા નથી. પછી માળખું બદલવાની વાત જ ક્યાં આવી ? આવી તો અનેકાનેક સમસ્યાઓ છે. જેમાંની મુખ્ય સમસ્યાઓ જોઈએ.

સૌથી પાયાનું અને મુખ્ય કારણ નાણાકીય સમસ્યા છે. ભારતમાં ઉચ્ચ શિક્ષણનું સંચાલન એમ.એચ.આર.ડી. ના તાબામાં યુ.જી.સી. દ્વારા થાય છે. ગ્રાન્ટ ફાળવવાની અને આપવાની જવાબદારી યુ.જી.સી. દ્વારા દિલ્હીથી થાય છે. પૂરા ભારતમાં તેના માત્ર પાંચ જ પેટા કેન્દ્રો છે. ત્યારે ભારતમાં આવેલી લગભગ ૩૫૦ કરતા વધુ યુનિવર્સિટીઓ અને ૨૦૦૦૦ આસપાસની કોલેજોને ગ્રાન્ટ ફાળવીને સમયસર પહોંચાડવું યુ.જી.સી. માટે ખૂબ જ કઠીન કામ બની ગયું છે. પરિણામે કોલેજના અને યુનિવર્સિટીના કામ સમયસર થતા નથી સમય જતાં ખર્ચ વધી જાય છે. જેની અસર અન્ય નવા કાર્યો હાથ ધરવા પર અને ગુણવત્તા પર થાય છે. સરકારનું ધ્યાન જેટલું પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે છે તેમાંનું સોમાં ભાગનું ધ્યાન અને ખર્ચ ઉચ્ચશિક્ષણ પ્રત્યે  નથી. તો વળી યુ.જી.સી. દ્વારા ફાળવેલ ગ્રાન્ટનો ઉપયોગ સંસ્થા દ્વારા જેવી રીતે અને જેટલો થવો જોઈએ એ તેટલો ક્યારેક થતો નથી. તેમાં પણ ભ્રષ્ટાચાર છે. જેથી સરકારે ફાળવેલ નાણાં દ્વારા થવા જોઈતા પરિવર્તનો થતા નથી, અને નક્કી કરેલ લક્ષ્ય સિદ્ધ થતા નથી. સરકાર યુ.જી.સી. દ્વારા વિવિધ હેતુઓ માટે ગ્રાન્ટ ફ્લ્વેશે. ત્યારે ઘણી સંસ્થાઓ વિવિધ હેતુની ગ્રાન્ટનો ઉપયોગ વિવિધ હેતુઓ સિદ્ધ કરવા લેતી નથી અને લીધી હોય તો ઉપયોગ કર્યા વગર પરત કરે છે. જેથી વિવિધ હેતુઓ સિદ્ધ થઇ શકતા નથી.

બીજી સમસ્યા છે શિક્ષણનું ખાનગીકરણ. ૨૦૦૦ના વર્ષમાં ઉચ્ચ શિક્ષણ પર અભ્યાસ અંગેની જવાબદારી સરકારે અનીલ અંબાનીને સોંપી હતી. તેમણે એક કમિટી બનાવી. તે કમિટીના રીપોર્ટ પ્રમાણે ‘ દેશની કોઈપણ યુનિવર્સિટી કે કોલેજ નોન-મેરીટ છે, જે દરેક માટે ઉપયોગી નથી.’ જેના કારણે  ૨૦૦૩ માં પ્રાયવેટ યુનિવર્સિટી બીલ પસાર થયું અને સેલ્ફ ફાયનાન્સ યુનિવર્સિટીઓ અને કોલેજો ખોલવાની પરવાનગી આપી. જેની કેટલીક હકારાત્મક અસરોની સાથે નકારાત્મક અસરો પણ થઈ. પરંતુ સરકાર આ નકારાત્મક અસરોને કાબૂમાં લઇ ના શકી. જેમકે, સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓ માત્ર નફાના ઉદ્દેશથી જ આ ક્ષેત્રમાં આવી. વિદ્યાર્થીનું શોષણ અને ગુણવત્તા વિનાનું શિક્ષણ સ્વાભાવિક પ્રક્રિયા બની ગઈ. ઉંચી ફી, લાગવગ અને  ભ્રષ્ટાચાર ખુલ્લે આમ વધવા લાગ્યા. ભૌતિક સગવડો અને અધ્યાપકો વગર આ કોલેજો આજે પણ ચાલે છે.

ત્રીજી સમસ્યાનો વિચાર કરીએ તો એ છે વૈશ્વિકરણ. આજ સુધી આપણે કહેતા હતા કે, દુનિયા નાની બની ગઈ છે. આપણા ઘરમાં આખી દુનિયા આવી ગઈ છે. ત્યારે શિક્ષણની રીતે વિચારીએ તો આજની દુનિયા એક યુનિવર્સિટી બની ગઈ છે. આજનો વિદ્યાર્થી દુનિયામાં જ્યાં ઈચ્છે ત્યાં અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા થઇ ગઈ છે. વૈશ્વીકરણને કારણે સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઘણાં પરિવર્તનો આવ્યા છે. વૈશ્વીકરણને કારણે ઘણાં ફાયદા થયા છે તો નકારાત્મક અસરો પણ જોવા મળે છે. આજે ભારતનો વિદ્યાર્થી પોતાનો દેશ છોડીને અન્ય દેશમાં અભ્યાસ કરવા જઈ રહ્યો છે. વિશ્વની પ્રથમ ૩૦૦ યુનિવર્સિટીમાં આપણા દેશની એક પણ યુનિવર્સિટી નથી. પરદેશની યુનિવર્સિટીઓ આપણા સારા વિદ્યાર્થીઓને ખેંચી જાય છે. તેઓ પોતાના દેશની સંસ્કૃતિ, સભ્યતા અને માન્યતાઓ આપણા વિદ્યાર્થીઓ પર ઠોકી બેસાડે છે. પરિણામે ભારતીય મૂલ્યો, સંસ્કૃતિ અને સભ્યતા ધીમે ધીમે ભૂલાવા માંડયા છે. આપણે પણ એટલા ભોળા બની ગયા છીએ કે, આપણે પણ પરદેશના અભ્યાસક્રમો અને રીતી-નીતિ આંખો બંધ કરીને અપનાવા લાગ્યા છીએ. આપણું બૌદ્ધિક યુવાધન આપણા શિક્ષણની ખામીને કારણે વિદેશમાં જાય છે. જેનો ફાયદો ભારતને મળતો નથી.

ચોથી સમસ્યા છે તે સ્વાયત્તા અંગેની. એવું નથી કે, ભારતમાં બધી જ યુનિવર્સિટી અને કોલેજો ખરાબ કામ કરે છે. ઘણી સંસ્થાઓ ખૂબ જ સુંદર કામ કરે છે અને તે સંસ્થાઓને હજુ વધારે સારું કામ કરવું છે. પણ સમસ્યા એ છે કે આ સંસ્થાઓને પોતાની રીતે કામ કરવાની સ્વતંત્રતા નથી. તેમને સરકાર અને યુ.જી.સી.ની માર્ગદર્શિકા મુજબ જ કામ કરવું પડે છે. પરિણામે આ સંસ્થાઓ ગૂંગળામણ સાથે કામ કરે છે. નવા પ્રોજેક્ટ કે નવા સાહસ કરી શકતી નથી. તો પછી સરકારની ગ્રાન્ટ લઈને કામ કરતી સંસ્થાને તો નવીનીકરણ માટે વિચારવાનું જ ક્યાંથી આવે ? આમ આપણી શિક્ષણ પદ્ધતિ વધારે ઔપચારિક , નિયમિત અને સરકારી છે.

ઉચ્ચશિક્ષણમાં ગુણવત્તા વિરુદ્ધ સંખ્યા. ઉચ્ચ શિક્ષણમાં વિદ્યાર્થીઓને જ્યાં પ્રવેશ મેળવવો છે ત્યાં તેઓ મેળવી શકતા નથી. કોલેજો અને પ્રવેશ બેઠકોની સંખ્યા ખૂબ જ ઓછી છે. આપણી પાસે જેટલા વિદ્યાર્થીઓ છે તેના પ્રમાણમાં કોલેજો અને વર્ગખંડની સંખ્યા ખૂબ જ ઓછી છે. પરિણામે વિદ્યાર્થીઓને પ્રવેશ મળતો નથી અને મળે તો પસંદગીની શાખામાં મળતો નથી. અથવા તો ક્યારેક એક એક વર્ગમાં એટલી મોટી સંખ્યા હોય છે કે અધ્યાપક બરાબર શીખવી શકતા નથી અને વિદ્યાર્થીઓ બરાબર શીખી શકતા નથી. જેના કારણે ગુણવત્તા પસ અસર થાય છે. આમ સંખ્યાને ન્યાય આપવાના સરકારના પ્રયત્નોને કારણે ગુણવત્તા ગુમાવવી પડે છે. માટે જ આપણા દેશની એક પણ યુનિવર્સિટીનું સ્થાન વિશ્વની પ્રથમ ૩૦૦ યુનિવર્સિટીમાં નથી.

શિક્ષણની જીવનમાં બિનઉપયોગીતા એ પણ મોટી સમસ્યા છે. ચોક્કસ વ્યવસાયિક અભ્યાસક્રમોને બાદ કરતા મોટાભાગના અભ્યાસક્રમો એવા છે કે જે ભણ્યા પછી વિદ્યાર્થીને જીવનમાં ઉપયોગી થશે કે કેમ તેની કોઈ ગેરંટી નથી. આવા અભ્યાસક્રમો વિદ્યાર્થીને આજીવિકા પૂરી પાડવા સક્ષમ નથી કે નથી જીવન જીવવાનો રસ્તો બતાવતા. મૂલ્યવિહીન આવા અભ્યાસક્રમો ના છૂટકે જ વિદ્યાર્થીઓ માત્ર ડીગ્રી લેવા કે સમાજમાં બતાવવા કે પોતે ગ્રેજ્યુએટ છે, માટે ભણે છે. બાકી વિદ્યાર્થી અને તેના વાલી પણ જાણતા હોય છે કે આવા ચોક્કસ અભ્યાસક્રમ ભણ્યા પછી ઉપયોગી થવાના નથી. આમ વિદ્યાર્થીના સમય, શક્તિ અને નાણાનો બગાડ થાય છે.

ઉપરોક્ત જેવી અનેક મોટી સમસ્યાઓ આપણા ઉચ્ચશિક્ષણમાં જોવા મળે છે. આ ઉપરાંત સ્થાનિક કક્ષાએ કે કોલેજ યુનિવર્સિટી કક્ષાએ પણ અનેક સમસ્યાઓ છે જેના માટે જે તે સંસ્થાઓ જ જવાબદાર છે. આ સમસ્યાને દૂર કરી ઉચ્ચશિક્ષણમાં ગુણવત્તા સાથે પરિણામ લાવવું હશે તો તે કામ માત્ર સરકારનું નથી. તે માટે સમાજ, વાલી, વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને સંસ્થાના વહીવટદારોએ પણ પ્રયત્ન કરવા પડશે.